ओ३म्

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

આર્ય વૈદિક દર્શન

Arya Vaidik Darshan

(Monthly)

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર



धन होने पर दान देना, शक्ति होने पर क्षमाशील होना, दु:ख आने पर दीनता न दिखाना, यह महात्माओं का स्वभाव है।

| | | |
|---|---|---|
| सृष्टि संवत् | : | १,९६,०८,५३,११५ |
| विक्रम संवत् | : | २०७१ |
| दयानन्दाब्द | : | १९० |
| वर्ष | : | १ |
| अंक | : | ६ (जून-२०१४) |
| वार्षिक शुल्क | : | १०० रुपये |
| पृष्ठ संख्या | : | ८ |

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद-३८००२२ से प्रकाशित, सम्पादक-सुरेशचन्द्र अग्रवाल

# આર્યવીર દળનો ગુજરાતનો ગ્રીષ્મકાલીન પ્રશિક્ષણ શિબિર સંપન્ન

આર્યવીર દળ ગુજરાત દ્વારા દર વર્ષે પ્રાંતીય કક્ષાએ શીત અને ગ્રીષ્મકાલીન પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવે છે. તદનુસાર સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ ભવાનીપુર (કચ્છ)ના ઉપક્રમે પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવ્યો. તા. ૫ થી ૧૧ મે-૨૦૧૪ના યોજાયેલ શિબિરમાં ૧૨૫ જેટલાં આર્યવીરોએ ભાગ લીધો. સમગ્ર ગુજરાતનાં વિવિધ સ્થળોએથી આવેલ આર્યવીરોને શારીરિક, બૌદ્ધિક અને ચારિત્રિક પ્રશિક્ષણ આપવામાં આવ્યું.




શિબિરાર્થીઓને પ્રાતઃ ૪-૩૦ થી રાત્રિ ૯-૩૦ સુધીની નિશ્ચિત દિનચર્યાનું પાલન કરાવી અનુશાસનનાં પાઠ શીખવવામાં આવ્યાં. તમામ શિબિરાર્થીઓને અલગ-અલગ છ વર્ગોમાં વહેંચવામાં આવ્યાં. જેમાં તેઓ પૈકી એક આર્યવીરને વર્ગનાયક અને ઉપનાયક તરીકેની જવાબદારી સોંપવામાં આવી.



શિબિરનું ઉદ્‌ઘાટન ગુરુકુળ ભવાનપુરના ટ્રસ્ટીશ્રી મંગલભાઇ ભાનુશાળીએ દીપ પ્રગટાવી કર્યુ હતું અને શિબિરાર્થીઓને સફળતાનાં આશીર્વાદ પાઠવ્યા હતા.

મુખ્ય પ્રશિક્ષક તરીકે બ્ર. અરૂણકુમાર "આર્યવીર"ની સેવાઓ મળી. તેઓએ શારીરિક પ્રશિક્ષણ સાથે વૈદિક સંધ્યા-ધ્યાનનું પ્રશિક્ષણ પણ આપ્યું. વ્યાયામાચાર્ય તરીકે બ્ર.સુવાસની સેવાઓ મળી. સહાયક શિક્ષકો રામદયાલ શાસ્ત્રી, અંકિત શાસ્ત્રી, વિરલ આર્ય, રાજેન્દ્ર જાડેજા અને વિશાલભાઇએ સેવા આપી હતી.

શિબિર દરમ્યાન આર્યવીરોને અદાણી એન્ટર પ્રાઇઝીઝ (સૂર્ય ઉર્જા પ્લાન્ટ) ની મુલાકાતે લઇ જવામાં આવ્યાં. જ્યાં સ્ટેશન હેડ શ્રી સંતોષકુમારજીના નેતૃત્વમાં તમામ આર્યવીરોને સૂર્ય ઉર્જા પ્લાન્ટની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી. આર્યવીરોએ જિજ્ઞાસા પ્રગટ કરી થોકબંધ પ્રશ્નો પૂછ્યાં જેના સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા.

શિબિરોનો પૂર્ણા!ૂતિ કાર્યક્રમ પં. શ્યામજીકૃષ્ણ વર્મા સ્મારક - ક્રાંતિતીર્થ - માંડવી ખાતે તા.૧૧ મેના રોજ રાખવામાં આવ્યો. તમામ શિબિરાર્થીઓને માંડવી સુધી લઇ જવાની વ્યવસ્થા આર્યસમાજ - ગાંધીધામ (જીવનપ્રભાત) અને આર્યસમાજ જામનગરની બસ દ્વારા કરવામાં આવેલ હતી. ક્રાંતિતીર્થ જતા પૂર્વે તમામ આર્યવીરોને માંડવી ચોપાટી - દરિયા કિનારાની સફર કરાવી હતી.



તમામ આર્યવીરોએ ક્રાંતિતીર્થ ખાતે સ્મારક, પ્રદર્શની અને ફિલ્મ શો નિહાળ્યા હતા, અને ઇતિહાસથી અગત થયા હતાં.

ક્રાંતિતીર્થ ખાતે સર્વપ્રથમ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય યજમાન પદે શ્રી હિંમતભાઇ ધનજીભાઇ વેલાણી સપત્નીક બિરાજ્યા હતા. બ્રહ્માસ્થાને પં. દિવાકર શાસ્ત્રી રહ્યા હતા.

યજ્ઞ બાદ આર્યવીરોનું વ્યાયામ પ્રદર્શન યોજવામાં આવ્યું જેને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત આર્યજનતાએ નિહાળ્યું અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. આશરે એક કલાક ચાલેલ પ્રદર્શનમાં આર્યવીરોએ પથસંચલન (માર્ચપાસ્ટ), સુર્વાંગસુંદર વ્યાયામ, સૂર્યનમસ્કાર, ભૂમિનમસ્કાર, આસન, દંડ-બેઠક, સ્તુપ, લાઠીદાવ, કેટલાંક વિશિષ્ટ આસનો વગેરે રજૂ કર્યા હતાં અને માત્ર એક સપ્તાહ કરતા પણ ઓછા દિવસોમાં પોતે કેટલું ઝડપથી શીખી શકે છે તે ચરિતાર્થ કરી આપ્યું હતું.

શિબિરાધ્યક્ષ અને ગુરુકુળ ભવાનીપુરના આચાર્ય સ્વામી શાન્તાનન્દ સરસ્વતીની અધ્યક્ષતામાં શિબિર સમાપનનો કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રી સુરેશચન્દ્રજી અગ્રવાલ (પ્રમુખ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા) ઉપસ્થિત રહ્યા હતા. શિબિરાર્થીઓ પરીક્ષામાં મેળવેલ સફળતા બદલ પુરસ્કારોએ અર્પણ કરવામાં આવેલ હતા. સુરેશચન્દ્રજી અને સ્વામી શાન્તાનન્દજીએ આર્યવીરોને આશીર્વચનો કહ્યાં હતાં.

પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં રણજીતસિંહ પરમાર (રાજકોટ), ડૉ. અવિનાશ ભટ્ટ (જામનગર), પુરુષોત્તમભાઇ પટેલ અને શ્રી વાચોનિધિ આર્ય (ગાંધીધામ), આચાર્ય વીરેન્દ્રજી (ભુજાડી), શ્રી દેવજીભાઇ વેલાણી (પૂના), શ્રી જ્યંતિભાઇ પોકાર (મુંબઇ), અશોકભાઇ પરમાર (ટંકારા), શ્રી પ્રભુભાઇ વાઘેલા (ઘાટકોપર), શ્રી ચંદુભાઇ વાડિયા (પ્રમુખ તા. પં. માંડવી), શ્રી આર્યબંધુજી (સુરેન્દ્રનગર), શ્રી ગોપાલભાઇ (ટ્રસ્ટી ગુરુકુલ, ભવાનીપુર) વગેરે ઉપરાંત ૪૦૦ જેટલાં આર્યનર-નારીએ ઉપસ્થિત રહી આર્યવીરોને ઉત્સાહ વધાર્યો હતો. **(અનુસંધાન પાના નં. ૩ પર)**

# ઉપનિષદ્ તથા વેદાન્તદર્શનના અધ્યયનો સ્વર્ણિમ અવસર

અધ્યાત્મ જગતમાં ઉપનિષદ્ અને વેદાન્તદર્શન ગ્રન્થોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. ઉપ=નજીક, નિ = નિશ્ચયથી, ષદ્ = બેસવું ઉપનિષદ્નો અર્થ છે, આત્મા પરમાત્માની નજીક બેસવું=આત્મા પરમાત્માને જાણવાની વિદ્યા. પ્રત્યેક ઉપનિષદ્માં આત્મા-પરમાત્માની બાબતમાં વિશેષ ચર્ચાની સાથે-સાથે મનુષ્ય જીવનનું લક્ષ્ય, ઉદ્દેશ્ય, લક્ષ્ય પ્રાપ્તિનાં ઉપાય, વિધિ-વિધાન, સાધક-બાધકોની વિસ્તૃત ચર્ચા યોગીનાં લક્ષણો (આચરણ), અધ્યાત્મ-સાધના (યોગાભ્યાસ)નાં મહાન લાભો વગેરેનું વર્ણન છે, જેનો અભ્યાસ કરીને અધ્યાત્મનો ચાહક આનંદથી ગદ્ગદ્ થઇ જાય છે.

તે જ રીતે વેદાન્ત દર્શનમાં બ્રહ્મ (પરમાત્મા)નું મહત્વ તથા તેના વિશેષ નામો અને ગુણોની વ્યાખ્યાની સાથે મોક્ષનું મહત્ત્વ અને વિવરણ છે. વેદાન્ત (વેદ અન્ત) વેદોનો સાર કહેવામાં આવે છે.

વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન રોજડમાં છેલ્લા એક વર્ષથી અષ્ટાધ્યાયી, વ્યાકરણ, શિક્ષા વગેરે વેદાંગો તેમજ યોગદર્શન, ન્યાયદર્શન વગેરે ઉપાંગોનું અધ્યયન - અધ્યાપન ઋષિ પદ્ધતિએ ચાલી રહ્યું છે. એ જ ક્રમમાં આધ્યત્મિક ઉન્નતિના અનુપમ તથા સાધનાનાં રહસ્યમય ગ્રન્થ અગિયાર ઉપનિષદો અને ત્યાર બાદ સંપૂર્ણ વેદાન્તદર્શન (બ્રહ્મસૂત્ર)નું ઋષિ પદ્ધતિએ વેદાનુકૂળ વ્યાખ્યા સહિત નિયમિત રીતે સ્વામી મુક્તાનન્દ પરિવ્રાજક (વ્યાકરણાચાર્ય, દર્શનાચાર્ય) દ્વારા વાનપ્રસ્થ સાધક આશ્રમમાં આગામી અષાઢ સુદ પૂનમ (૧૨ જૂલાઇ-૨૦૧૪) થી અધ્યાપન કરાવવામાં આવશે.

આ અગિયારસ ઉપનિષદો અને વેદાન્તદર્શનના અધ્યયનમાં લગભગ ૮-૯ મહિના લાગશે. એની સાથે-સાથે દરરોજ સન્ધ્યા, હવન, આત્મનિરીક્ષણ, યોગ્ય સમયે અનેક વિદ્વાનોનાં દાર્શનિક પ્રવચનો અને યોગનિષ્ઠ ગુરુવર્ય પૂજ્ય સ્વામી સત્યપતિજીનું સાન્નિધ્ય, પ્રેરણા અને ઉપદેશ પણ મળશે. સંસ્કૃત નહીં જાણતા વિદ્યાર્થીઓને સાથે જ સંસ્કૃત ભણવાની વ્યવસ્થા કરવામાં આવશે. વધુમાં વધુ દસ વિદ્યાર્થીઓને (પ્રથમ અરજી કરનારને) આ અધ્યાપનનો અવસર મળી શકશે.

ગુરુકુલીય દિનચર્યા, પૂર્ણ અનુશાસન, યોગાભ્યાસ અને આધ્યાત્મિક ગ્રન્થોના અધ્યયનમાં રૂચિ ધરાવનાર વિદ્યાર્થીએ પોતાનો પૂરો પરિચય, નામ, વય, સરનામું, ફોનનંબર, શૈક્ષણિક લાયકાત વગેરે vaanprastharojad@gmail.com પર ૩૦ જૂન સુધીમાં મોકલવું, અથવા વ્યવસ્થાપક, વાનપ્રસ્થ સાધક આશ્રમ, ગુજરાત - ૩૮૩ ૩૦૭ પર પત્ર વ્યવહાર કરવો. સાજે ૭.૩૦ થી ૮.૦૦ દરમ્યાન મો. ૯૪૨૬૪૦૮૦૨૬ પર સંપર્ક કરવો.

# આર્યસમાજ વઢવાણ દ્વારા વેદજ્ઞાન કથાનું આયોજન સુંદર કરાયુ

આર્યસમાજ-વઢવાણ દ્વારા આયોજિત "વેદજ્ઞાન કથા" નો કાર્યક્રમ તા.૨૩-૪-૨૦૧૪ થી ૨૭-૪-૨૦૧૪ પાંચ દિવસ માટે સફળતાપૂર્વક સંપન્ન થયો. કથાનાં વક્તા તરીકે આચાર્યશ્રી અજયજી સોનીપત-હરીયાણાથી પધાર્યા હતાં. તેઓએ વૈદિક સિદ્ધાંત આધારિત સત્ય સનાતન વેદ ધર્મ વિશે, ત્રણ અનાદિ પદાર્થ : ઇશ્વર, જીવ અને પ્રકૃતિ વિશે, અષ્ટાંગ યોગ દ્વારા ઇશ્વર સાક્ષાત્કાર, આર્યોનાં ૧૬ સંસ્કાર, પંચમહાયજ્ઞ તથા ગૃહસ્થી જીવન વિશે સુમધુર વાણી દ્વારા સ્પષ્ટ ભાષા શૈલીમાં, ટૂચકા સાથે હાસ્ય અને રમૂજ કરાવતા તથા તર્ક-વિતર્ક દ્વારા વેદ જ્ઞાનને સુંદર રીતે ગુજરાતી ભાષામાં વેદ પ્રવચનનો લાભ આપ્યો હતો. તેમની સુંદરવાણીથી લોકો ખૂબ પ્રભાવિત થયા હતાં. દરરોજ આશરે ૩૦૦ થી ૩૫૦ લોકો આ કથાનો લાભ લેતા હતાં. આચાર્યશ્રીએ લોકોને વેદ આધારીત સમજાવ્યું હતું કે એક જ ઇશ્વરની ઉપાસનાં દ્વારા મનુષ્ય ચાર પ્રકારની સિદ્ધિ હાંસલ કરી શકે છે. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ તથા વેદ ધર્મથી જ મનુષ્યનું ભૌતિક જીવનની સાથે-સાથે આંતરિક જીવનનાં નિર્માણની વિધિ દ્વારા આધિત્મિક ભાવના જાગે અને દરેક માણસ સુખ, શાંતિ અને આનંદનો અનુભવ કરી શકે છે.





વઢવાણનાં આંગણે આ બીજીવાર વેદજ્ઞાન કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના પ્રચાર-પ્રસાર માટે તા.૨૨-૪-૨૦૧૪ ના રોજ સાંજે ૪-૦૦ થી ૭-૦૦ કલાકે શોભાયાત્રા રેલી કાઢવામાં આવી હતી. તેમાં સ્કૂટર, ટ્રેક્ટર-ટ્રોલીમાં યજ્ઞ કૂંડ ગોઠવીને પગપાળા ચાલીને પત્રિકા વહેંચવામાં આવી હતી.

વિજ્ઞાન જાથા દ્વારા અંધશ્રદ્ધા નાબૂદી માટે રાજકોટ થી જયંત પંડયા પધાર્યા હતા. આ કાર્યક્રમમાં હાથમાં કંકૂ કાઢવું, હાથમાં અગ્નિ પ્રગટાવવી, ઉકળતા તેલમાં પૂરી તરવી વગેરે ચમત્કારી પ્રયોગોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ ચમત્કાર નથી પરંતુ પદાર્થની રાસાયણિક પ્રક્રિયા છે, લોકો ભૂત-ભૂવા-દોરા ધાગા-વહેમમાં ન પડે અને પૈસાની બરબાદીથી મુક્ત રહે. ક્યાંય છેતરાય નહી. ચમત્કારને બદલે પ્રયોગ દ્વારા તેની વાસ્તવિકતાનો ખ્યાલ આપવામાં આવ્યો હતો.

સંસ્થાના કાર્યકર્તા શ્રી બેચરભાઇ, શ્રી નરશીભાઇ, શ્રી માવજીભાઇ-પ્રમુખ, સત્યદેવ મુનિ વાનપ્રસ્થી, શ્રી ચીમનકાકા, શ્રી સોન્ડાભાઇ, શ્રી પ્રવીણભાઇ વગેરે તથા લાભુબેન, ભીખુબેન, ગીતાબેન, હર્ષાબેન, ભગવતીબેન વગેરે બહેનોએ સારો સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને એનાઉન્સમેન્ટ શ્રી જે.કે. પરમારે કર્યું હતું. આમ સૌના સહયોગથી આ કાર્યક્રમ સફળતા પૂર્વક નિર્વિઘ્ને સંપન્ન થયો હતો.

इस मास के विशिष्ट व्यक्ति

# शास्त्रार्थ महारथी श्री पण्डित गणपति शर्मा

आर्य जगत् के सुप्रसिद्ध विद्वान श्री पं० गणपति शर्मा जी का जन्म १६ अगस्त सन् १८७२ ई०मे बीकानेर राज्य के प्रसिद्ध नगर चूरू में हुआ था। आप पराशर गोत्रीय पारीक ब्राह्मण थे। पिता का शुभ नाम श्री पण्डित भानीराम वैद्य था। पण्डित भानीराम जी ईश्वर के सच्चे भक्त और पक्के आस्तिक ब्राह्मण थे। पिता का यह प्रधान गुण पं० गणपति जी में भी विद्यमान था। भगवद भक्ति उनके व्याख्यानों का मुख्य विषय था। इसी विषय पर बोलते हुए वे स्वयं भी गद्‌गद् हो जाया करते थे और श्रोताओं को भी पुलकित तथा मंत्र–मुग्ध कर देते थे। नास्तिकबाद को तो परिहास में भी सहन नहीं कर सकते थे। जब वेदों की अपौरुषेयता और ईश्वर सिद्धि पर भाषण देते उस समय उनकी वाणी में अलौकिक बल एवं प्रतिभा का विकास दिखता था। इन विषयों का प्रतिपादन आप बडे ही हृदयङ्गम विचारों से युक्ति प्रमाण द्वारा सफलता पूर्वक किया करते थे। अनेक बार कई प्रसिद्ध नास्तिक वैज्ञानिकों के साथ आपका शास्त्रार्थ हुआ जिनमें आपकी विजय हुई।

भाषण कला उनमें गजब की थी। बडे बडे गहन विषयों पर १५–१५ हजार श्रोताओं की उपस्थिति में चार–चार घन्टे तक लगातार ओजस्विनी भाषा में धारा प्रवाही भाषण देना आपके लिये साधारण सी बात थी। एक समय की बात है आप यु.पी. की किसी एक आर्यसमाज के वार्षिकोत्सव पर गये थे। रात का समय था। आँधी व वर्षा आने लगी। श्रोतागण उठकर जाने लगे। उस समय पं० गणपति शर्मा जी खडे हुये और उन्होंने अपना भाषण प्रारम्भ किया। ज्योंही आपका भाषण शुरु हुआ, जनता धडा धड वापिस जम गई। आपने कहा, "हमने अभी अपने दृढता नहीं धारण की है। हम यह दृढता अपने दिल में धारण कर लें कि यहाँ धर्मोपदेश हो रहा है। धर्म और ईश्वर का घनिष्ठ सम्बन्ध है। धर्म ईश्वर से कहकर इन तूफानों को अपने आप दूर करवायेगा, परन्तु विश्वास तो होना चाहिए।" दैवयोग से ऐसा ही हुआ। आपका भाषण २ मिनिट ही था। वर्षा व आन्धी दोनो ही आनी बन्द ही हो गई। यह थी उनकी सच्ची आस्तिकता व धर्म पर द्रृढता और ईश्वर में विश्वास। पं० गणपति शर्मा जी जिस प्रकार व्याख्यान देने में अद्वितीय थे, उसी प्रकार शास्त्रार्थ करते। उस समय अगर प्रतिपक्षी गाली भी दे डालता तो आप उसके साथ शिष्टता ही से पेश आपे थे, न कि गाली गलोंच से। एक बार आप कश्मीर गये हुऐ थे। भाग्यवश उन्ही दिनों में काशी के सुप्रसिद्ध पादरी जानसन साहब भी वहीं थे। पादरी जानसन साहब संस्कृत के अच्छे विद्वान थे। कई जगह संस्कृत लेख बन्द शास्त्रार्थ भी कर चुके थे। कश्मीर में भी पादरी जानसन के भाषण हुये। जब पादरी जानसन ने यह देखा कि यहां के पंडित लोग शास्त्रार्थ नहीं करते उन्होंने कश्मीर के पंडितो को शास्त्रार्थ का चैलेन्ज दिया।



कश्मीर की पण्डित मण्डली की यह हिम्मत नहीं हुई कि वे पादरी साहब से शास्त्रार्थ करें। उन्होंने जानसाहब के चैलेन्ज का कोई उत्तर नहीं दिया। इस पर पादरी साहब और भी शेर हो गये और महाराजा कश्मरी के पास जाकर कहा या तो आप अपने पण्डितो के साथ मेरा शास्त्रार्थ करवायें अगर आपके पण्डित शास्त्रार्थ करने को नहीं आते हैं तो मुझे आप शास्त्रार्थ का विजय पत्र दीजिए। यह बात पण्डित गणपति शर्मा जी के कानों तक पहुची तो पं०गणपति शर्मा जी कश्मीर के पण्डितो से जाकर बोले "भाई लोगों, अगर आप शास्त्रार्थ करने में असमर्थ हैं तो मुझसे उनका शास्त्रार्थ करवायें। आप अपना प्रतिनिधि शास्त्रार्थ के लिये मुझे चुन लें।" कश्मीर के पण्डितों ने पं०गणपति शर्मा जी का कहना मान लिया और पादरी साहब को शास्त्रार्थ के चैलेन्ज के उत्तर में लिख दिया हम आपसे शास्त्रार्थ करेंगे। पादरी साहब को जब यह मालूम हुआ कि इनकी ओर से पण्डित गणपति शर्मा जी शास्त्रार्थ करने को आये है तो पादरी साहब ने अपा रंग बदला, और कहने लगे मैं तो कश्मीर में बसनेंवाले पण्डितों से शास्त्रार्थ करूंगा कहीं बहार के पण्डितो से नहीं। क्योंकि पादरी साहब पं०गणपति शर्मा जी से शास्त्रार्थ में तीन दफा हार चुके थे इसलिए उनका नाम सुनते ही घबरा गये। जब महाराजा कश्मीर तक यह बात पर्हुंची तो महाराजा साहब ने पादरी से कहा "अब तो आपको शास्त्रार्थ करना ही होंगा।" आखिर शास्त्रार्थ होना निश्चित हुआ। जब पादरी साहब और पण्डित गणपति शर्मा जी में शास्त्रार्थ होना आरम्भ हुआ तो शुरु शुरु में पादरी साहब संस्कृत में बोलने लगे। परन्तु जब पंडित गणपति शर्मा जी ने पादरी के उत्तर में संस्कृत बोलनी आरम्भ की उस समय पादरी संस्कृत बोलना भूल गया। आखिर लाचार हो कर हिन्दी में शास्त्रार्थ करने के लिये प्रार्थना करने लगा। पण्डित गणपति शर्मा जी ने कहा आप जैसे कहेंगे वैसे ही हम तो तैयार है। तीन दिन तक शास्त्रार्थ हुआ। हजारों की संख्या में श्रोतागण आते थे। आखिर पादरी साहब ने अपनी हार मंजूर की और पण्डित गणपति शर्मा जी के पैरों में शिर नवाकर कश्मीर से चला गया। इस शास्त्रार्थ की विजय से कश्मीर में पण्डित गणपति शर्मा को फूल मालाओं से अपूर्व स्वागत करके एक लम्बा जूलुस निकाला गया। जब आप कश्मीर से आये उस समय स्वयं महाराजा साहब कश्मीर ने पण्डित गणपति शर्मा जी को सत्कार पर्वक विदा किया व कश्मीर की सारी हिन्दू जनता ने अपूर्व प्रेम के साथ पण्डित जी को विदाई दी।

२७ जून सन् १६१२ ई० को पण्डित जी ने इस संसार को छोड दिया। आपकी मृत्यु पर हिन्दू क्या ईसाई क्या मुसलमान सभी ने शोक मनाया। आपके परलोक गमन के समय केवल आपकी वृद्ध माता व छोटा भाई था। आपने अपने जीवन का अन्तिम काल महाविद्यालय ज्वालापुर की सेवा में ही बिताया था। आप बडे सरल व सादगी से रहते थे। आपके त्यागमयी जीवन से प्रत्येक आर्य को शिक्षा ग्रहण करनी चाहिए।

**અનુસંધાન પાના નં.૧ ચાલુ...**

સમાપન કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા આર્યસમાજ, માંડવી પ્રમુખ શ્રી નવીનભાઇ વેલાણી, મંત્રી શ્રી લખમશીભાઇ વાડિયા અને કાર્યકરોએ સંભાળી લીધી હતી.

ક્રાંતિતીર્થના મેનેજર શ્રી મહેશભાઇ ગોસ્વામીનો પૂરો સહયોગ મળ્યો હતો.

ધ્વજગાન અને જયઘોષ સાથે સમગ્ર કાર્યક્રમ પૂરો થયેલ જાહેર કરવામાં આવેલ હતો. ભોજન-પ્રસાદ લઇ સૌ આર્યવીરો આગામી શિબિરમાં આવવાનો સંકલ્પ લઇ વિદાય થયા હતા.

# ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ચિંતન શિબિર (દ્વિતીય) યોજાશે.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આર્યસમાજનાં પદાધિકારીઓ, આર્યસભાસદો અને આર્ય સદસ્યો માટે આગામી તા.૨૦-૨૧-૨૨ / જૂન/૨૦૧૪ના ચિંતન શિબિર (દ્વિતીય) નું આયોજન કરવામાં આવેલ છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક (મહાલય) ટંકારા ખાતે યોજાનાર આ શિબિર અંગેનો પરિપત્ર ગુજરાતની તમામ આર્યસમાજોને મોક્લવામાં આવેલ છે. જેથી દરેકે નોંધ લેવા વિનંતી.

# આર્યસમાજ ટંકારામાં સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકનાં પ્રવચનો યોજાયા

ગત તા. ૧૨ અને ૧૩ મે ના દાર્શનિક વિદ્વાન સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકના આધ્યાત્મિક પ્રવચનો અને શંકા સમાધાનનો કાર્યક્રમ આર્યમાજ, ટંકારા દ્વારા રાખવામાં આવ્યો. સ્વામીજીનાં ત્રણ પ્રવચનો આર્યસમાજ મંદિરમાં રહ્યાં, જેનો લાભ આર્યસમાજનાં કાર્યકરો ઉપરાંત અધ્યાત્મપ્રેમી જનતાએ લીધો. સ્વામીજીએ માનવ જીવનના ચરમ લક્ષ્ય મોક્ષ વિશે સમજણ આપી હતી. સંપૂર્ણ દુઃખોથી છૂટવું અને પરમ આનંદની પ્રાપ્તિનો માર્ગ યોગાભ્યાસ છે તે અંગે સ્વામીજીએ સરળ શૈલીમાં માર્ગદર્શન આપ્યું હતું. તેમજ શ્રોતાઓના જિજ્ઞાસા યુક્ત પ્રશ્નોનું સમાધાન કર્યુ હતું.

સ્વામીજીનો એક કાર્યક્રમ ઉપદેશક મહાવિદ્યાલય (ગુરૂકુળ)માં વિદ્યાર્થીઓના શંકાસમાધાન માટે રાખવામાં આવેલ હતો. જેમાં વિદ્યાર્થીઓ આ વૈદિક સિદ્ધાંતોને લગતાં પ્રશ્નો પૂછી પોતાની જિજ્ઞાસા શાંત કરી હતી.

# डट जाओ अभी...



जीवन का उद्देश्य क्या है ? सोच कभी ?
तो सोच लो भीतर उतर के अभी ।
काल तो रूक ही है बीत रहा है तू
जो कुछ भी करना है कर ले तू अभी ।
तक छूटेगी हाथ से तो क्या मिलेगा...
सोच लो पछताना दी पडेगा तभी
बीत गई बात जो फिर ना बनेगी...
ठीक से ही सोच लो जी वक्त है अभी ।
उद्देश्य के पिछे डटना ही चारा है...
तो सोचना छोड के डट जाओ अभी ।



रमण नावलीकर
झण्डा चोक,
नावली – ३८८ ३५५

# વિચાર ટી.વી.નું આસ્થા પર દૈનિક પ્રસારણ શરૂ...

વૈદિક જ્ઞાન સંદેશ જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી સ્થિત વિચાર ટી.વી.નાં કાર્યક્રમોનું દૈનિક પ્રસારણ આસ્થા ચેનલ પર તા.૧- જૂન - ૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે. સમય રાત્રે ૯-૩૦ થી ૧૦-૦૦ સુધી.

આ ઉપરાંત આસ્થા ભજન ચેનલ પર દૈનિક સાંજે ૭-૦૦ થી ૯-૦૦ વૈદિક વિદ્વાનોંના પ્રવચનોં નું પ્રસારણ ચાલું છે.

ઉપરોક્ત પ્રસારણને વધુને વધુ લોકો જુએ તેવાં પ્રયત્નો કરવા વિનંતી.

# આર્યસમાજ મોરબીના પુનઃનિર્મિત ભવનનું આચાર્ય જ્ઞાનેશ્વરજીએ કર્યું ઉદ્‌ઘાટન...

ગત તા. ૨૫-૫-૧૪ રવિવારના રોજ પ્રાતઃકાલીન વેળાએ આર્યસમાજ મોરબીના પુનઃનિર્મિત ભવનનો દિવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાઇ ગયો.

કાર્યક્રમનો પ્રારંભ વૈદિક યજ્ઞથી કરવામાં આવ્યો. જેમાં ૧૧ યજ્ઞ કુંડો ઉપર ૪૪ જેટલાં આર્યદંપતીએ બિરાજી યજમાન તરીકે લાભ લીધો હતો. યજ્ઞવિધિ પં. સતેન્દ્રજી (મોરેશીયસ) દ્વારા સંપન્ન કરવામાં આવેલ હતી.



તત્પશ્ચાત્ આચાર્ય જ્ઞાનેશ્વરજી, શ્રી સુરેશચંદ્રજી અગ્રવાલ (પ્રધાન ગુજ. પ્રા. આ. પ્રતિ. સભા) શ્રી દયાલમુનિ, શ્રી પોપટભાઇ ચૌહાણ વગેરેના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી આર્યસમાજ ભવનને ખુલ્લુ મૂકવામાં આવેલ હતું. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ તખ્તીનું અનાવરણ કરી ભવનમાં પ્રવેશ કર્યો હતો.



મોરબીમાં આર્યસમાજની સ્થાપના સન્ ૧૯૨૮માં થયેલી. વર્તમાન ભવવની પૂર્વે ભાડાની એક નાની કોટડીમાં આર્યસમાજની પ્રવૃતિઓ શરૂ કરવામાં આવેલી. તત્કાલીન વિપરીત પરિસ્થિતિઓની વચ્ચે અડીખમ ઊભા રહીને વૈદિક નાદ ગુંજવનારાઓ હતાં. સ્મૃતિશેષ લક્ષ્મણભાઇ ચૌહાણ, કાંતિભાઇ દવે, ડાહ્યાભાઇ ત્રિવેદી, દુર્લભજીભાઇ રાણપરા વગેરે કે જેઓનું તપ આજે પણ તેમની સ્મૃતિ તાજી કરાવે છે.

વર્તમાન ભવનને સન્ ૨૦૦૧ ના ભૂકંપની થપાટો લાગી જિર્ણ થઇ ગયેલ. જેને વર્તમાન કાર્યકર્તાઓએ પુરુષાર્થ કરી નવા રૂપ-રંગ આપી પ્રવૃત્તિઓ ચલાવવા સંપૂર્ણ ઉપયોગી અને આકર્ષક બનાવેલ છે.

ઉદ્‌ઘાટન સમારોહમાં જિર્ણોદ્ધાર કાર્યમાં આર્થિક અને અન્ય રીતે સહયોગ આપનારા મહાનુભાવોનું આચાર્ય જ્ઞાનેશ્વરજીના વરદ હસ્તે સ્મૃતિ ચિહ્‌ન અર્પણ કરી સન્માન કરવામાં આવેલ હતું.

સ્વાગત પ્રવચન આર્યસમાજ મોરબીના પ્રમુખશ્રી ઘનશ્યામસિંહ ચુડાસમાએ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો શ્રી શૈલેષભાઇ રાવલ (કલેક્ટર-મોરબી), શ્રી આર.પી.બારોટ (પોલીસ અધિક્ષકશ્રી-મોરબી જિલ્લો), શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, શ્રી વાચોનિધિજી આર્ય, શ્રી હસમુખ પરમાર, શ્રી સુરેશભાઇ ચાવડા, શ્રી દયાલમુનિજી, આચાર્ય રામદેવ શાસ્ત્રી, આચાર્ય અજયજી વગેરેએ પોતાના મનનીય વિચારો વ્યક્ત કરી, આર્યસમાજની સ્થાપનાનો ઉદ્દેશ્ય વર્તમાનમાં તેને ક્રિયારૂપ આપવાની જરૂરિયાત જણાવી શુભકામનાઓ પાઠવી હતી.



આચાર્ય જ્ઞાનેશ્વરજીએ પોતાનું મનનીય પ્રવચન ઇશ્વર ધ્યાનની પ્રક્રિયા સમજાવીને કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે વ્યક્તિએ ધનવાન બનવાની લાલસા છોડી ધાર્મિક-નીતિવાન બનવા પ્રયત્ન કરવો જોઇએ. પોતાના સંતાનોને વારસામાં ધન નહીં ધર્મ આપો. આચાર્યજીએ આર્યસમાજનું મુખ્યકાર્ય વેદોનો પ્રચાર કરવાનું છે. મહર્ષિ દયાનંદનો ઉપદેશ હતો વેદ તરફ પાછા વળો. એ તરફ નિર્દેશ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ઉદયભાઇ ચૌહાણે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી નરેન્દ્રભાઇ ત્રિવેદી, શ્રી વિજયભાઇ રાવલ, શ્રી રમણીકભાઇ કોટક, શ્રી નરેન્દ્રભાઇ દોશી, શ્રી એ. એચ. મેનપરા, શ્રી પ્રવીણભાઇ ઠાકર, શ્રી અંબારામભાઇ કાચરોલા, શ્રી ડૉ. વિજયસિંહ સિસોદિયા, શ્રી આર.જી. બાવરવા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# આર્યપરિવાર વિવાહ યોગ્ય યુવક-યુવતી પરિચય સંમેલન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા યોજાનારા ઉપરોક્ત સંમેલનમાં નોંધણી કરાવવા માટેની મુદત વધારો કરવામાં આવેલ છે.

આગામી તા. ૩૧-૭-૨૦૧૪ સુધીમાં આર્યપરિવારો પોતાના વિવાહ યોગ્ય યુવક-યુવતીનાં નામ નિયત સમયમાં નોંધણી પત્રક મારફત નોંધાવી શકશે.

સંમેલન સ્થળ અને તારીખ હવે પછી જણાવવામાં આવશે.

– ડૉ. અવિનાશ ભટ્ટ (સંયોજક)
(મો. ૯૪૨૬૯૪૬૨૦૦)

आर्यसमाज के सिद्धान्त

# मूल और गौण

– पं. गंगाप्रसाद उपाध्याय

हर एक संस्था, सभा या समाज के दो प्रकार के नियम होते हैं: एक मौलिक, दूसरे गौण। गौण को मूल और मूल को गौण समझ लेने से निरन्तर लडाई – झगडे हुआ करते हैं। प्राय: कलह की जड यही अविवेक है। मूल का अर्थ तो सभी जानते हैं। मूल वृक्ष का वह भाग है जिस पर समस्त वृक्ष के जीवन का आश्रय है। मूल सिंचने से वृक्ष जीवित रहता है। उसके कटने या सूखने से वृक्ष नष्ट हो जाता है। 'गौण' शब्द का अर्थ समज लेना चाहिए। गौण पाणिनि–व्याकरण के अनुसार 'गुण' का तद्धित रूप है। परन्तु याद रखना चाहिए कि गुण शब्द के भिन्न शास्त्रों में भिन्न–भिन्न अर्थ हैं। अष्टाध्यायी में ह्रस्व अकार, ए और ओ को गुण कहा है। वैशेषिक में ६ पदार्थों में से एक गुण है जो द्रव्य के आश्रय रहता है जैसे पृथिवी का गुण गंध है और आकाश का शब्द। जब 'गुण' से 'गौण' तद्धित बनाते हैं तो 'गुण' का यह अर्थ नहीं लेते; वहाँ 'गुण' कर्म या यज्ञशास्त्र का विषय है। वहाँ 'द्रव्य' शब्द का भी भिन्न अर्थ है। यज्ञ के लिए कुछ मुख्य चीजें आवश्यक होती हैं जिनको द्रव्य कहते हैं। कुछ मुख्य तो नहीं हैं परन्तु मुख्य द्रव्यों के सहकारी हैं। उनका नाम गुण है जैसे घी मुख्य द्रव्य है, परन्तु जिस पात्र में घी रक्खा जाता है वह गुण है। घी के बिना यज्ञ नहीं हो सकता। परन्तु पात्र पीतल का हो या सोने का या मिट्टी का, यह यज्ञों का दोना मात्र है। यह बात गौण है। गौण में विकल्प हो सकते हैं, मुख्य में नहीं। विवाह–संस्कार में वर–वधू मुख्य या मूल हैं, पुरोहित आदि गौण।

हमने यहाँ 'गौण' शब्द की इतनी व्याख्या इसलिए की है कि हमारे आगे के वक्तव्य में भ्रान्ति न हो।

आर्यसमाज के प्रवर्तक ऋषि दयानन्द थे। उन्होंने आर्यसमाज के सिद्धान्तों को जानने के लिए हमको तीन चीजें दी है – (१) आर्यसमाज के दस नियम, (२) स्वमन्तव्यामन्तव्य, (३) सत्यार्थप्रकाश आदि अन्यान्य ग्रंथ। इनमें देखना यह है कि मुख्य कौन है और गौण कौन? कभी–कभी विरोध का आभास होने लगता है। यहाँ अधिक मान्य क्या है – यह प्रश्न उठ खडा होता है। अत: यह विचार आवश्यक है।

आर्यसमाज का मूल है आर्यसमाज के दस नियम। समाज का सदस्य होने के लिए भी ऋषि ने इन्हीं की स्वीकारिता को आवश्यक माना है। इन दस नियमों की बनावट भी कुछ ऐसी है कि आर्यसमाज की विशेषता का ज्ञान हो जाता है। इन नियमों के तीन विभाग हैं। पहले में पहले दो नियम हैं जो ईश्वर का प्रतिपादन करते हैं। आस्तिक या ईश्वरवादी संस्थाएँ तो सैंकडो हैं जिनसे आर्यसमाज का मेल नहीं है। ईश्वर के गुणों का विस्तृत वर्णन इसी विशेषता के लिए किया गया है। दूसरे विभाग में तीसरा नियम है। वेद के माननेवाले अन्य भी हैं परन्तु आर्यसमाज की वेद भावना भिन्न है। वेद हर आर्यसमाजी के दैनिक जीवन का अंग है। वह केवल पूजने के योग्य प्राचीन या सतयुग की वस्तु नहीं है। तीसरे विभाग में शेष सात नियम हैं जिनसे आर्यसमाज की सार्वभौमितिकता तथा विश्वव्यापित्व पर बल दिया गया है। तात्पर्य यह है कि यदि आप हिंदुओं के समान ईश्वरवादी भी हैं और वेद के माननेवाले भी, परन्तु यदि आप इसका सम्बन्ध मनुष्य – मात्र के कल्याण से नहीं जोड सकते तो आप आर्यसमाज के वास्तविक अर्थ को नहीं समझे। इस बात को भी अधिक सम्पुष्ट करने के लिए आर्यसमाज के दस नियमों में इन चीजों का सर्वथा अभाव है–प्रथम स्वामी दयानन्द या किसी अन्य ऋषि, गुरु या संस्थाणक का नाम नहीं। सभी ऋषियों की यह विशेषता थी कि वेदोपदेश करने में वे अपने व्यक्तित्व को सर्वथा अलग रखते हैं। कुरान में बार–बार यह शब्द आता है कुल (अर्थात् हे मुहम्मद, तू बता कि ईश्वर ऐसा है इत्यादि)। मुहम्मद और ईसा के व्यक्तित्व का पग–पग पर उल्लेख मिलता है। आर्यसमाज के नियम सोच–विचारकर इस दौर्बल्य से मुक्त हैं। हमारे दूसरे नियमों में देश या काल की और भी संकेत नहीं है, इसलिए आर्यसमाज के मूल सिद्धान्त यही दस नियम हैं। इनमें विकल्प नहीं।

दूसरे स्वमन्तव्यामन्तव्य! ये आर्यसमाज के मुख्य सिद्धान्त नहीं है। इनको सर्वथा गौण मानना पडेगा। गौण चीजें उपकारक होती हैं, कारक नहीं होतीं। व्याकरण में आठ कारक माने जाते हैं, परन्तु वस्तुत: कारक तो एक ही है, अर्थात कर्ता (स्वतन्त्र कर्त्ता), अन्य तो उपकारक – मात्र हैं ('उप' उपसर्ग पर विचार कीजिए)। 'राम ने रावण को मारा।' कर्ता राम है। 'मारना' क्रिया का मुख्य भार इसी के ऊपर है । 'धनुष' से मारा या 'लंका में मारा' यह तृतीया या सप्तमी कारक केवल उपकारक हैं। मारने के अन्य साधन भी हो सकते थे और अन्य स्थान भी । इसी प्रकार 'स्वमन्तव्यामन्तव्य।' का स्थान भी नियमों की अपेक्षा गौण है। 'नियमों की अपेक्षा' इस वचन को याद रखिए, अन्यथा भ्रान्ति हो जायेगी । ऋषि ने नाम भी बहुत सोच–समझकर रक्खा था। न तो इनका नाम 'आर्यसमाज के सिद्धान्त' रक्खा न वैदिक सिद्धान्त, न आर्यसमाज के नियम। इनमें आर्यसमाज का नाम तक नहीं, न दस नियमों में इनका उल्लेख है। आप पूछेंगे कि स्वमंतव्यामन्तव्य हैं क्या? ऋषिवर से पूछिए। उनका नामकरण ही अर्थों का पूर्णतया द्योतक है। 'मंतव्याश्च अमंतव्याश्च = मंतव्यामन्तव्या: ' (द्वन्द्व समास)। सवस्य स्वयंतव्यामन्तव्या: = स्वमंतव्यामन्तव्या (षष्ठी तत्पुरुष समास), अर्थात् स्वामी जी महाराज की अपनी निज की, वैयक्तिक मान्यताएँ।

आप शायद इस व्याख्या को सुनकर चौंकेगे कि क्या ऋषि की वैयक्तिक मान्यताएँ वैदिक मान्यताएँ या आर्यसमाज की मान्यताएँ नहीं है? आप शायद इसमें ऋषि का लाघव या अनादर भी समझें। परन्तु ऐसी आशंका उन्हीं लोगों को हो सकती है जो ऋषि दयानन्द को वैदिक ऋषियों की कोटि में से निकालकर मुहम्मद, ईसा, नानक, दादू, बुद्ध आदि मतमतान्तरों के प्रवर्त्तकों की कोटि में घसीटना चाहते हैं। यह ऋषि का गौरव नहीं, लाघव है। 'स्व' शब्द के प्रयोग से ऋषि का तात्पर्य ही यह है कि कोई आँख बन्द करके उनके पीछे न चले। न उनको गीता के कृष्ण के समान ईश्वर का स्थानापन्न समझे, न ईश्वर का भेजा हुआ देवदूत। वेद स्वत: प्रमाण हैं। ईश्वरोपदेश स्वत: प्रमाण है; न स्वामी दयानन्द, न उनके ग्रन्थ। वे आर्यसमाज को अपने या अपने नाम के पीछे लगाना नहीं चाहते, न इनकी बुद्धियों पर ताला डालना चाहते हैं। यह काम तो सभी आधुनिक मतप्रवर्त्तकों ने किया है। ऋषि दयानन्द इस निर्बलता से बहुत ऊँचे थे।

शेष अगले अंक में...

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | ર્ય | ■ | 2 ર | | જ | | ■ |
| | હ | | ■ | 3 | કા | | વા | | ■ |
| | | | | ■ | 4 | | હા | | ■ |
| | | | ■ | 5 | | શ | | | |
| ■ | ■ | ■ | 6 કું | | લ | | ર | | ઢ |
| 7 | | ■ | 8 | દ્વિ | | | | | ■ |
| | | ■ | 9 ભૂ | | વ | | ન | | ઠ |
| | | ■ | 10 | ગા | | રં | | ■ | ■ |

**દરેક આડી લાઈન :**

૧. મનુષ્ય જીવનના ચાર આશ્રમો. (૪-૩-૪-૩)
૨. રવિન્દ્રનાથ ટાગોરની એક કાવ્ય રચના (૪)
૩. સ્વામી દયાનંદનું જન્મસ્થાન ટંકારા ક્યા ક્ષેત્રની જૂની ઓળખનું નામ. (૫)
૪. યોગના આઠ અંગો માહેનું એક (૪)
૫. ઈશ્વરનો એક ગુણ (૬)
૬. ઈ.સ. ૧૫૪૦ માં મહારાણા પ્રતાપનો જન્મ રાજસ્થાનના ક્યા ગામમાં થયો હતો. (૭)
૭. શરીર દ્વારા થતા શુભ કર્મોના ત્રણ પ્રકાર. (૨ - ૨ - ૨)
૮. સ્વામી શ્રદ્ધાનંદના ક્યા આંદોલનનો ગાંધીજીએ વિરોધ કર્યો હતો. (૬)
૯. શંકરાચાર્યે સ્થાપેલ ચાર મઠોમાંહેનો પૂર્વમાં આવેલ એક મઠ. (૭)
૧૦. યેષાં ન વિદ્યા, ન તપો, ન દાનં; ન ગુણો, ન ધર્મ:, તે મૃત્યુલોકે ભૂવિ ભારભુતા મનુષ્ય રૂપેણ..... (૫)

## चाणक्य नीति

आपदर्थे धनं रक्षेच्छ्रीमतां कुत आपदः।
कदाचिच्चला लक्ष्मीः संचिताऽपि विनश्यति ।।

आपत्ति काल के लिए धन एकत्रित करे, श्रीमान लोगों के लिए आपत्तियाँ नहीं होती हैं और लक्ष्मी भी गतिशील होती कभी–कभी संचिता होने पर भी नष्ट हो जाती है।

**(पद्यार्थ) ।। दोहा ।।**

धनवान न आपद में फँसता, धन की महिमा भरपूर यहाँ,
इससे तुम उद्यमशील बनो, बिन उद्यम के धन दूर यहाँ।
धन ही सब है मत मान रहो, धन के मद में अतिचूर यहाँ,
इसकी अति चंचलता समझो, कर दे झट धूर गरुर यहाँ।।

-------------------------------

यस्मिन् देशे न सम्मानो न वृतिर्न च बान्धवाः।
न च विद्याऽऽगम क्वापि देशं तं परिवर्जयेत् ।।

जिस स्थान में न सम्मान हो, न आजीविका हो, भाई बन्धु भी न हो, तथा विद्या की प्राप्ति भी न हो। ऐसे स्थान को त्याग देना ही हितकारी होता है।

**(पद्यार्थ) ।। दोहा ।।**

जहाँ जीविका, मान नहिं, नहीं बन्धुगण पास।
विद्या का आगमन नहीं, भूल करे न वास ।।

-------------------------------

धनिकः श्रोत्रियो राजा नदी वैद्यस्तु पंचमः।
पंच यत्र न विद्यन्ते न तत्र दिवसं वसेत् ।।

धनवान्, वेदका विद्वान्, राजा, नदी और पाचवा वैद्य ये पांचो जिस स्थान पर न हों, उस देश में एक दिन भी नहीं निवास करना चाहिए।

**(पद्यार्थ) ।। दोहा ।।**

नदी, वैद्य, राजा, धनी वेदों का विद्वान्।
ये पांचो ना हो जहाँ, बसे नही धीमान् ।।

## ::: આર્યવૈદિક દર્શન અંગે સૂચના :::

**– આર્યવૈદિક દર્શનનું નવા વર્ષ ૨૦૧૪-૧૫ નું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- દરેક ગ્રાહકોને મોકલી આપવા વિનંતી.**

**– જે ગ્રાહકોનું પાછલા વર્ષનું લવાજમ બાકી હોય તેમણે બે વર્ષનું લવાજમ સાથે મોકલવું.**

**– લવાજમ મનીઓર્ડર વડે જ નીચેના સરનામે મોકલવું.**

**પ્રવીણભાઈ ઠાકર**
વ્યવસ્થાપક
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, હાથીખાના,
**રાજકોટ**

**આપના સમાચાર અને ફોટોગ્રાફ નીચેના ઈ-મેઈલ આઈડી પર મોકલવા નમ્ર વિનંતી.**

alpaprinters@yahoo.com
geniuscomputertankara@gmail.com
aryasamaj.tnk@gmail.com


ગત માસના શબ્દ કોઠાનો સાચો જવાબ મોકલનાર : શ્રી રમણ નાવલીકર

**શબ્દકોઠાનો મે–૧૪ નો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 જી | વા | ત્મા | ■ | 2 સં | ન્યા | સ | આ | શ્ર | મ |
| 3 ભ | ગ | વા | ન | શ્રી | રા | મ | ■ | 4 વે | દ |
| 5 સ | મ | ય | ■ | 6 ન | રે | ન્દ્ર | મો | દી | ■ |
| 7 મ | સ્તિ | ષ્ક | ■ | 8 ઉ | ત્ત | રા | ખં | ડ | ■ |
| 9 બાં | ગ | લા | દે | શ | ■ | 10 અ | ગ્યા | ર | ■ |
| 11 વી | ર | સા | વ | ર | ક | ર | ■ | 12 ક્ષ | મા |
| 13 સ | ર | દા | ર | પ | ટે | લ | ■ | 14 ચી | ન |
| 15 ઋ | ગ્વે | દા | દિ | ભા | ષ્ય | ભૂ | મિ | કા | ■ |

देवो न यः पृथिवीं विश्वधाया उपेक्षेति हितमित्रो न राजा।
पुरः सदः शर्मसदो न वीरा अनवद्या पतिजुष्टेव नारी॥

**વ્યાખ્યા :** હે પ્રિયબંધુ વિદ્વાન! देवो न ઈશ્વર સૂર્યની સમાન સર્વ જગતની બહાર અને અંદર પ્રકાશ કરી રહેલ છે. यः पृथिवीम् જે પૃથ્વી આદિ જગતની રચના કરીને ધારણ કરી રહેલ છે અને विश्वधायाः उपेक्षेति વિશ્વને ધારણ કરવાની શક્તિને પણ આશ્રય આપીને ધારણ કરી રહેલ છે તથા સર્વ જગતનો પરમ મિત્ર અર્થાત્ हितमित्रो न राजा જેમ પ્રિય મિત્રવાળો રાજા પોતાની પ્રજાનું સારી રીતે પાલન કરે છે, તેમજ આપણાં બધાનું પાલન કરનાર તે એક જ છે, બીજો કોઇ જ નથી. पुरः सदः शर्मसदः न वीराः જે મનુષ્ય ઈશ્વરના પુરઃસદ (ઈશ્વર-અભિમુખ જ છે) તે જ શર્મસદઃ અર્થાત્ સુખમાં સદા સ્થિર રહે છે. અથવા જેમ न वीराः પુત્ર પોતાના પિતાના ઘરમાં આનંદપૂર્વક રહે છે, તેવી જ રીતે જે પરમાત્માના ભક્ત છે અને જે મનુષ્યો અનન્યચિત્ત બનીને નિરાકાર, સર્વત્ર વ્યાપક ઈશ્વરની સત્ય શ્રદ્ધાથી ભક્તિ કરે છે, તેઓ સદા સુખી રહે છે. જેમકે अनद्या पतिजुष्टेव नारी અત્યંત ઉત્તમ ગુણયુક્ત પતિની સેવામાં પતિવ્રતા નારી (સ્ત્રી) રાત-દિવસ, તન-મન-ધન અને અતિ પ્રેમથી અનુકૂળ રહે છે. તેમ ભાઇઓ! આવો પ્રેમગુક્ત પ્રીતિથી ઈશ્વરની ભક્તિ કરીએ અને આપણે બધાં મળીને પરમાત્મા પાસેથી પરમ સુખનો લાભ ઉઠાવીએ.




## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

– મદન રહેજા



**અંધ વિશ્વાસ** – તીર્થયાત્રાથી પાપ ધોવાઇ જાય છે.

**નિવારણ** – સમાજ ફેલાયેલી આ જ્ઞાનવર્ધક ભ્રાન્તિ છે. જેઓ તીર્થયાત્રા કરીને પરત આવે છે તેઓને આનો જવાબ પૂછવો જોઇએ કે શું તમારા પાપ ધોવાઇ ગયા? પાપ કર્યા જ શા માટે કે તેને ધોવા માટે પોતાના ઘર-પરિવાર છોડીને જીવ જોખમમાં મૂકીને આમ-તેમ ભટકવું પડે ? આ જ રીતે જો પાપ ધોવાતા રહે તો બધાં પાપ તીર્થ સ્થાનોમાં જ એકઠાં થતા રહેશે અને પાછળથી આવનારાઓને તે પાપ વળગી જશે. એવું પણ બને કે પાપ ધોવા તીર્થસ્થળે જઇએ અને નવાં પાપ લઇને આવીએ. જો કે મોટાભાગનાં લોકો તીર્થયાત્રા ઓછી અને હરવા-ફરવા જ વધુ જાય છે.

ગંગા-યમુના-સરસ્વતી-ગોદાવરી વગેરે નદીઓનું પાણી શરીર ઉપરનો મેલ તો ધોઇ શકે છે, પરંતુ મન ઉપર લાગેલો મેલ આવી કોઇ ભૌતિક વસ્તુ ધોઇ ન શકે; એ મેલ ધોવા માટે તો જ્ઞાનરૂપી સાબુની જરૂર રહે છે. ધર્મપૂર્વક આચરણ કરનારને કોઇ તીર્થ સ્થળ સુધી જવાની જરૂર જ નથી રહેતી.

ये तीर्थानि प्रचरन्ति सृकाहस्ता निषङ्गिणः।
तेषां सहस्रयोजनेऽव धन्वानि तन्मसि॥
(યજુર્વેદ ૧૬/૧૧)

આપણી અંદર જ જ્ઞાન-ગંગા વહે છે, જેના વડે આપણા મન ઉપર પડેલો મેલ-આવરણ-ધોવાઇ જાય છે. જ્ઞાન-ગંગાનું પાણી સત્યજ્ઞાનનો ભંડાર વેદમાંથી આવે છે. જે હંમેશા વહેલું રહે છે, એમાં જ ડૂબકી લગાવવાથી જીવન સાફ-સ્વચ્છ સફળ થઇ જાય છે. તીર્થસ્થળો નદી કિનારે, વનપ્રદેશમાં કે પર્વતો પર હોય છે. આપણાં પૂર્વજો એ બાબતો સારી રીતે જાણતા હતાં કે ગીચ વિસ્તારો-શહેરો વગેરેમાં રહેલો માનવ પ્રદૂષણથી દૂર શુદ્ધ સ્થળોમાં જાય અને થોડા સમય માટે સુખ-શાંતિના વાતાવરણમાં રહે તો તણાવ મુક્ત થઇ શકે. માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પણ સુધરે. આમ આવા સ્થળોએ તીર્થના બહાને પણ લોકો જાય તો એકંદરે લાભ થાય.

પ્રાચીન સમયમાં સાધુ-સંતો ઉપદેશ આપતા અને શ્રદ્ધાળુ ભક્તજન શ્રવણ કરતા, તેના પર ચિંતન-મનન કરતા તથા પોતાના જીવનમાં ધારણ કરતા હતાં. સંતોની વાણી જીવનમાં ઉતારવાથી મનુષ્ય પાપ કર્મથી બચે છે, એ જ તીર્થ કહેવાય છે. જેનાથી તરી જવાય તે તીર્થ.

માતા-પિતા-ગુરુ-વિદ્વાન અનુભવી મહાત્માઓની વાણી-વિચારો-ઉપદેશ સમજી તેને વ્યવહારમાં ઉતારી લેવો તે જ સાચું તીર્થ છે.

**BOOK-POST**

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**પ્રતિ,** ______________________

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट Email : alpaprinters@yahoo.com से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद–३८००२२ से प्रकाशित,
● सम्पादक–सुरेशचन्द्र अग्रवाल ● सहसम्पादक : हसमुख परमार – ९८७९३ ३३३४८ ● व्यवस्थापक : प्रविण ठाकर – ९४२८२ ०२४५८